સંદેશ (ગાંધીનગર આવૃત્તિ), પાના નં. ૦૨, તા. ૧૪.૦૨.૨૦૨૫

### અમદાવાદ પહોંચવા હવે ગાંધીનગરથી ડાયરેક્ટ કનેક્ટિવિટી સાથેની મેટ્રો દોડશે

# ડાયરેક્ટ ટ્રેનોની સાથેસાથે ફ્રિકવન્સીમાં પણ વધારો કરાયો

**કનેક્ટિવિટી** » અગાઉ સે.૧, ગિફ્ટ સિટી આવવા મોટેરા અથવા જીએનએલયુથી ટ્રેન બદલવી પડતી હતી

। ગાંધીનગર । (સં.ન્યૂ.સ.)

મેટ્રો ટ્રેનમાં મુસાફરી કરતા મુસાફરોને હવે અમદાવાદ એપીએમસી સહિતના વિસ્તારોમાં પહોંચવા માટે ટ્રેનો બદલવાની જરૂર નહી પડે. મેટ્રો રેલ સેફ્ટિ કમિશનર તરફથી હવે અમદાવાદ ગાંધીનગર વચ્ચે ડાયરેક્ટ કનેક્ટિવીટી સાથેસાથે મેટ્રો ટ્રેનની ફ્રિકવન્સી વધારવાની પણ મંજુરી આપવામાં આવી છે. ૧૫મી ફેબ્રુઆરીથી આ સુવિધા મુસાફરો માટે ઉપલબ્ધ બનશે.

ઉલ્લેખનીય છેકે, ગાંધીનગર અમદાવાદ વચ્ચે મેટ્રોટ્રેન સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી ત્યારે મુસાફરોને ડાયરેક્ટ અમદાવાદ સુધી પહોચવા માટે ટ્રેનો બદલવી પડતી હતી. જેના કારણે મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. મુસાફરોએ સેક્ટર-૧ અથવા ગિફ્ટસિટી આવવુ હોય તો તેઓને મોટેરા સ્ટેડિયમ અથવા જીએનએલયુ સ્ટેશન ખાતેથી ટ્રેન બદલવી પડતી હતી. જેના કારણે સમયનો પણ વ્યય થતો હતો. જોકે, હવે મેટ્રો રેલ દ્વારા આ સમસ્યાનું નિરાકરણ લાવવામાં આવ્યુ છે. આગામી ૧૫મી ફેબ્રુઆરીથી ગાંધીનગરથી અમદાવાદ જવા માટે હવે ડાયરેક્ટ મેટ્રો રેલ ઉપલબ્ધ રહેશે. બંને શહેર વચ્ચે ડાયરેક્ટ કનેક્ટીવીટી તથા ફ્રિકવન્સી વધારવાની મેટ્રો રેલ સેફ્ટિ કમિશનર તરફથી મંજુરી આપવામાં આવી છે.

જેના પગલે ઉપરોક્ત નિર્ણય લેવાયો છે. ડાયરેક્ટ કનેક્ટીવીટીની સાથે મુસાફરો માટે મેટ્રો રૂટની સંખ્યા પણ વધારવામાં આવી છે. અગાઉ સમગ્ર દિવસ દરમિયાન અવરજવર માટે માત્ર ૩૬ ટ્રેનોના રૂટ ઉપલબ્ધ હતા. જે આગામી ૧૫ ફેબ્રુઆરીથી વધારીને ૪૨ કરવામાં આવ્યા છે. ગિફ્ટસિટી જીએનએલયુથી એપીએમસી મોટેરા માટે સમગ્ર દિવસ દરમિયાન છ ટ્રેનો ઉપડશે. જેમાં પ્રથમ સવારે આઠ વાગે અને સાંજના છેલ્લી ૫.૫૨ મીનીટે ટ્રેન ઉપડશે.

આ ઉપરાંત મોટેરા એપીએમસીથી ગિફ્ટસિટી જીએનએલયુ આવવા માટે પણ સમગ્ર દિવસ દરમિયાન છ ટ્રેનો ઉપલબ્ધ રહેશે. જેમાં પ્રથમ ટ્રેન સવારે ૯.૦૩ મીનીટે ઉપડશે જ્યારે છેલ્લી ટ્રેન સાંજના ૮.૫૫ મીનીટે ઉપડશે. આ ઉપરાંત જીએનએલયુ, સેક્ટર-૧ થી એપીએમસી મોટેરા સુધી જવા માટે સમગ્ર દિવસ દરમિયાન ૧૪ ટ્રેનો ઉપલબ્ધ રહેશે. જે પૈકી પ્રથમ ટ્રેન જીએનએલયુથી સવારે ૮.૫૫ મીનીટે અને સેક્ટર-૧ ખાતેથી સવારે ૯.૨૧ મીનીટ અને મોટેરા ખાતેથી સવારે ૮.૨૬ મીનીટે ઉપલબ્ધ રહેશે. જ્યારે છેલ્લી ટ્રેન મોટેરા સ્ટેશન ખાતેથી સાંજના ૬.૨૨ મીનીટે, જીએનએલયુ ખાતેથી ૬.૪૯ મીનીટે અને સેક્ટર-૧ ખાતેથી સાંજના ૭.૧૭ મીનીટે ઉપલબ્ધ બનશે.

જ્યારે મોટેરા એપીએમસી ખાતેથી ગિફ્ટસિટી જીએનએલયુ માટે સમગ્ર દિવસ દરમિયાન ૧૫ ટ્રેનોની ફ્રિકવન્સી ઉપલબ્ધ બનશે. પ્રથમ ટ્રેન સેક્ટર-૧ ખાતેથી સવારે ૮, જીએનએલયુ ખાતેથી સવારે ૮.૨૯ મીનીટ અને મોટેરાથી ૮.૫૫ મીનીટે ઉપલબ્ધ બનશે. જ્યારે સાંજના સમયે સેક્ટર-૧ ખાતેથી ૭.૨૧ મિનીટ, જીએનએલયુ ખાતેથી ૭.૫૦ મીનીટ અને મોટેરા ખાતેથી ૮.૧૬ મીનીટે ઉપલબ્ધ બનશે.